# તપસ્વી વ્યક્તિત્વનો પ્રભાવ અને રસપ્રદ કથાનકોનો મધુપર્ક

**હરીશ વટાવવાળા**

[**મહારાજના મુખેથી અને બીજી વાતો** : પુનઃમુદ્રણ ૨૦૦૩, સંપાદક : મગનભાઈ જો. પટેલ, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ડિમાઈ, પૃ. ૨૬૮, કિં. રૂ. ૧૪૦/-]

પૂજ્ય રવિશંકર મહારાજ (૨૫-૦૨-૧૮૮૪ – ૧-૦૭-૧૯૮૪) એમના સતાયુ વર્ષમાં સેવાકાર્યમાં સતસહસ્ર દીવા પ્રકટાવી તેના તેજને અકબંધ રાખીને આપણી વચ્ચેથી વિદાય થયા. એમની વિદાયને પણ ચોવીસ વર્ષ પસાર થઈ ગયાં. એમના વિશે, એમનાં કાર્યો વિશે ઘણું ઘણું વાંચ્યું છે, એટલું જ નહિ, એમને સેવાકાર્યો કરતા પણ જોયા છે, એમની સાથે નિરાંતે વાતો પણ કરી છે. એમના વિશેના ગ્રંથ 'મહારાજના મુખેથી અને બીજી વાતો'માંથી પસાર થઈ રહ્યો છું ત્યારે દાદા મારી નજર સમક્ષ આવી ઊભા રહ્યા છે.

આજે પણ એમની સેવાની મહેક પ્રસરી રહી છે. સંવત ૧૯૭૨ના કારતક સુદ પૂનમના દિવસે મહારાજે ગાંધીજીનાં પ્રથમ દર્શન કર્યાં. પ્રથમ દર્શને જ તેઓ ગાંધીજીથી પ્રભાવિત થયા. એ જ દિવસે સાંજે પ્રેમાભાઈ હૉલ (ભદ્ર, અમદાવાદ)માં શ્રીમદ્ રાજચંદ્રજી વિશે ગાંધીજીના પ્રવચને એમના પર જાદુઈ અસર કરી. ત્યાર બાદ ૧૯૧૭ના નવેમ્બરની ૩, ૪ અને ૫ તારીખોએ ગોધરાની રાજકીય પરિષદમાં લોકમાન્ય ટિળક, વિઠ્ઠલભાઈ પટેલ વગેરેની હાજરીમાં દેશસેવા માટે ચોવીસ કલાક ઘડિયાળના કાંટે કામ કરનારા દેશને સમર્પિત એવા બહાદુર યુવકોને આહ્વાન આપ્યું અને મહારાજે દેશસેવક તરીકે પોતાનું નામ નોંધાવ્યું. નામ નોંધાવવામાં સરદાર વલ્લભભાઈ પટેલ પણ ખરા.

૧૯૨૦ના નાગપુર કૉંગ્રેસ અધિવેશનમાં ગાંધીજીનું પ્રવચન સાંભળી મહારાજ અભિભૂત થઈ ગયા. જાણે કોઈ ફિરસ્તો દેવવાણી ઉચ્ચારતો હોય તેવી એમને પ્રતીતિ થઈ. એ પ્રવચનથી એમના જીવનમાં મોટો વળાંક આવ્યો અને પોતાનાં ચાર સંતાનો : મેધાવ્રત (પંડિતજી), વિષ્ણુભાઈ, મહાલક્ષ્મી અને લલિતાની જવાબદારી પત્ની સૂરજબાને સોંપી દેશસેવાર્થે આ નિર્વ્યસની લોકસેવક સંતે ૧૯૨૧માં ગૃહત્યાગ કર્યો.

મહારાજ તે દિવસથી જ ગાંધીપ્રેરિત અકિંચન, અપરિગ્રહ અને અનિકેત વ્રતધારી બન્યા, અને સેવાધારી અડીખમ સૈનિક બન્યા. જે દિવસથી ગૃહત્યાગ કર્યો ત્યારથી એમણે એમની મિલકત સામે જોયું સુધ્ધાં નથી. એટલું જ નહિ, જરૂરિયાત હોય તો પણ વર્ષો સુધી પૈસાને સ્પર્શ કર્યો નથી. પોતે સુતર કાંતી અને ખાદીનાં કપડાં પહેરતા. વર્ષમાં લગભગ ૮૦થી ૯૦ મીટર ખાદી થાય તેટલું સુતર કાંતતા અને તેમાંથી બે જોડ થાય તેટલું કાપડ પોતાની પાસે રાખી બાકીનું જરૂરિયાતવાળી વ્યક્તિઓને વહેંચી દેતા. વગર પગરખાંએ મહારાજે સતત ચાલીસ વર્ષ સુધી ચાલીને લોકોની સેવા કરી.

આ ગ્રંથના સંપાદકશ્રી મગનભાઈ જો. પટેલ તા. ૨૦-૦૫-૧૯૫૫ના રોજ દાદાને મળ્યા અને તેમનાથી પ્રભાવિત થઈને દાદાનાં સેવાકાર્યોમાં તેમની સાથે ભેખધારી બનીને જોડાયા. ત્યારે ભૂદાન આંદોલનનો એ મધ્યાહ્ન હતો. દાદાએ ભૂદાન પ્રવૃત્તિને પોતાનું જીવન અર્પણ કર્યું હતું. સંપાદક કહે છે : '.... ધન્યકાળે પૂરાં પાંચ વર્ષ દાદાની સમીપ રહેવાનું અને એમની જંગમ-જીવંત વિદ્યાપીઠમાં જીવનના પાઠ શીખવાનું જે સદ્ભાગ્ય મને મળ્યું, એને હું ઈશ્વરની કૃપા માનું છું.'

સંપાદકશ્રીએ દાદાના શતાબ્દી વર્ષ નિમિત્તે દાદાનાં જીવન, વિચાર ને કાર્યને ઉજ્જ્વલ કરતી પાંચેક પુસ્તિકાઓ : 'દાદાની સંજીવની', 'દાદાની દોરવણી', 'દાદાની વહેવારુ વાણી', 'સૌના દાદા' અને 'દાદાની છાયામાં' આ પુસ્તિકાઓમાં શ્રી મગનભાઈએ દાદાને જેવા જોયા-જાણ્યા તેવા બતાવ્યા છે. તેમાં ક્યાંય કલ્પનાના રંગો નથી. એકેએક હકીકતને યથાતથ મૂકેલ છે.

આમ તો આ સંપાદક ૧૯૪૯માં બનાસકાંઠાના દુષ્કાળ નિમિત્તે દાદાના સંપર્કમાં આવેલા અને દાદાનાં સેવાકાર્યોને નજીકથી જોયેલાં તે વૈચારિકબીજ પરિપક્વ થઈને ૧૯૫૫માં દાદા સાથે સેવાકાર્યોમાં જોડાયા. મ. જો. પટેલ છ ફૂટ ઊંચા દાદાના પગરખાં વિનાના પગલે પગલે ચાલ્યા. દાદાનાં સેવાકાર્યોને નજીકથી જોયાં. પદયાત્રા દરમિયાન દાદાની દૃષ્ટાંતકથાઓ, અનુભવવાણીની નોંધ કરતા રહ્યા. નિયમિત દાદા વિશે લખતા રહ્યા. પરિણામ સ્વરૂપે 'મહારાજના મુખેથી' પાંચ પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ. એ પુસ્તિકાઓને પણ આ ગ્રંથમાં આમેજ કરેલ છે. મ. જો. પટેલે ક્યાંય લેખક તરીકેનો નિર્દેશ કર્યો નથી. પણ તેઓ આ ગ્રંથના સંપાદક જ રહ્યા.

ઝવેરચંદ મેઘાણીએ 'માણસાઈના દીવા' ગ્રંથ દ્વારા મહારાજના તપસ્વી વ્યક્તિત્વનો પ્રભાવ રસપ્રદ કથાનકો રૂપે વ્યક્ત કર્યો છે. તેમાં 'મહારાજના મુખેથી અને બીજી વાતો' ગ્રંથ ઉમેરો કરે છે. એટલું જ નહિ, દાદાને નજીકથી જોવા-જાણવાનો ભાવકોને અને નવી-જૂની પેઢીને લાભ મળ્યો છે.

આ ગ્રંથમાં મ. જો. પટેલ લખે છે : 'એક ગામમાં અમારો ઉતારો હતો. કેટલાક હરિજનો દાદાને મળવા આવ્યા. ગામ આગેવાનોએ રૂ. ૭૦૦માં ૧૧૫ વીઘા ખરાબાની જમીન ખરીદેલી. એમાંથી ત્રણ વીઘા જમીન એમણે એક હરિજનને ભૂદાનમાં આપેલી અને એની પાસેથી ૪૫૦ રૂપિયા લીધેલા ! આ હકીકત જાણીને દાદાનું દિલ વલોવાયું. એ બોલી ઊઠ્યા : ''મને એ પહેલેથી ખબર હોત તો હું આ ગામનું પાણી પણ ન પીવત !'' (પૃ. ૩૯)

પદયાત્રા દરમિયાન દાદાને થયેલા કડવા અનુભવોનું વર્ણન કરતાં મ. જો. પટેલ લખે છે : '....જ્યાં હૃદયસ્પર્શી વાતો કરવા છતાં કોઈનું રુવાંટુંય ફરકે નહિ. કોઈ ભૂદાન કે સંપત્તિદાન આપવા તૈયાર જ ન થાય... ઘણી વાર સારી જમીન ધરાવતા જમીનદારો 'જમીન આપવી પડશે' એ ભયથી સભામાં હાજર જ ન થાય.... 'ભૂદાનથી દેશનું કંઈ ભલું થવાનું નથી. ગરીબો દુઃખી છે એ એમના કર્મનું ફળ છે' તો કેટલાક તો સલાહ પણ આપે : 'મહારાજ, તમે ગમે તેમ કરો પણ આ લોકો ચોર, એદી ને આળસુ છે, એ કદી સુધરવાના નથી.' કેટલાક તો વિવેક ચૂકીને વાત કરે : 'અમારી પાસે શું લેવાનું છે ? જાઓને શ્રીમંતો પાસે ?' તો કોઈ ગુસ્સે થઈ સંભળાવે : 'એમ કંઈ ગળે ફાંસો દઈને જમીન નહિ લેવાય; સરકારને કહો ને કે ટૅક્સ ઓછા કરે. બધી બાજુથી ખેડૂતોને શું કામ હેરાન કરો છો ?' (પૃ. ૩૮)

ઉત્તર ગુજરાતની પદયાત્રા દરમિયાન દાદાની સાથે સ્વામી આનંદ પણ હતા. દાદા સાથેનો એમનો પૂજ્યભાવ તેઓ આ રીતે વ્યક્ત કરે છે : ''હું તો રોજ સવાર-સાંજ મારી પ્રાર્થના વખતે પુણ્યશ્લોકો નલોરાજા, પુણ્યશ્લોકો યુધિષ્ઠિરઃ સાથે જ પૂજ્ય મહારાજનું નામ વર્તમાન યુગના

પુણ્યશ્લોક તરીકે આજે વર્ષોથી લેતો હોઉં છું. પુણ્યશ્લોક એટલે પુણ્યના પર્વત !'' (પૃ. ૪૧)

દાદાના 'માનસપુત્ર' એવા બબલભાઈ મહેતાએ દાદાનું વિસ્તૃત જીવનચરિત્ર આલેખ્યું છે. દાદા અને બબલભાઈ મળે ત્યારે એમની વચ્ચે પિતા-પુત્ર જેવો સંબંધ હંમેશાં જણાય. બબલભાઈએ દાદાને કેટલાક પ્રશ્નો પૂછેલા અને તેમાં તેમણે આ પ્રશ્ન પણ પૂછેલો : 'તમે પાટણવાડિયા કોમને શી રીતે વશ કરી ?' એનો જવાબ આપતાં મહારાજે કહ્યું : '.... હું એમને મોઢે કહીને જે કાંઈ કરાવી શકતો એના કરતાં મારો પ્રેમ એમની પાસે વધારે કામ કરાવી શકતો...' (પૃ. ૨૪૫)

મોટી યોજના ઘડવાની પોતાનામાં શક્તિ નથી એમ નમ્રતાથી કહેનાર દાદાએ એટલી જ ઋજુતાથી કહ્યું છે : 'મારી આંખ સામે કોઈ કામને પડેલું જોઉં છું; ત્યારે અત્યંત વફાદારીથી અને મારી બધી શક્તિ વાપરીને હું એને પાર પાડવા પ્રયત્ન કરું છું. મન, બુદ્ધિ અને શરીર ત્રણેય રેડીને એને સિદ્ધ કરવા મથું છું. મારી સફળતાની કોઈ ચાવી હોય તો તે આ જ છે. (પૃ. ૨૪૫) જેની નોંધ શિક્ષણવિદ યશવંત શુક્લએ પણ તેમની 'પદયાત્રાની પ્રસાદી'ની પ્રસ્તાવનામાં લીધી છે.

અસ્પૃશ્યતા વિશે પણ દાદાના વિચારો જાણવા જેવા છે. હરિજનોનો પક્ષ લઈને એક કાર્યકર્તાએ દાદાને વાત કરી. દાદાએ એમની વાતો ખૂબ ધીરજ અને શાંતિથી સાંભળી લીધી. પછી દાદાએ જે જવાબ આપ્યો જે આજે પણ પ્રસ્તુત છે : 'હરિજનોનો તમે પક્ષ ન લેશો. એમની દયા પણ ન ખાશો. એમની પાસે જઈ એમની નબળાઈઓ દૂર કરવા પ્રયત્ન કરો. એમની પાસે વ્યસનો છોડાવો, એમને કામ કરતા કરો. એમનામાં જે બીક પેસી ગઈ છે તે દૂર કરાવો... મહેનત કરી જીવવાનો તમને હક છે. આ તાકાત એમનામાં કેળવવાની છે. એમ ન કરતાં દયા ખાશો તો સેવાને બદલે કુસેવા થશે. અસ્પૃશ્યતા તો હવે જવા બેઠી છે. પણ એમના દુર્ગુણો દૂર નહિ થાય તો અસ્પૃશ્યતા ગયા પછી પણ એ દુ:ખી રહેવાના.' (પૃ. ૨૧૨)

દાદા 'ઘડભાંગ' અને 'ભાંજગડ' બે શબ્દો વિશે માર્મિકતાથી કહે છે : '..... ઘડભાંગ એટલે ઘડવું અને ભાંગવું, અને ભાંજગડ એટલે ભાંગેલાને સાંધવું. ગામમાં કંઈક ઘડભાંગ થઈ હોય તો પંચાયત ભાંજગડ કરી આપતી, સમાધાન કરી આપતી. ભાંગેલાને ઘડ્યા પછી જે થાય તે સમાધાન.' (પૃ. ૧૬૯)

પૂજ્ય દાદા સમરસતાના ભાવને આ રીતે વ્યક્ત કરે છે : '.... ગ્રામદાન એટલે ગામની બધી જમીન સહિયારી. કોઈ જમીનનો માલિક પણ નહિ ને કોઈ જમીન વગરનો પણ નહિ. કંઈક વિચાર આવે તો તે ગામ સમસ્તનો આવે, વ્યક્તિનો નહિ. ગામને લક્ષમાં રાખીને જ બધી યોજનાઓ થાય. ખેડૂત, સુથાર, લુહાર, ઘાંચી, વણકર, વાળંદ, મોચી, ચમાર વગેરે પોતપોતાના ધંધા રોટલા માટે કરે ને વહેંચીને ખાય. કોઈને કાંઈ પણ બહારથી ખરીદવા જવું ન પડે. ગામમાં કોઈ ઊંચો નહિ ને કોઈ નીચો પણ નહિ. કોઈ અમીર પણ નહિ ને કોઈ ગરીબ પણ નહિ... બધા જ વર્ગના લોકો ગામને સુખી અને સમૃદ્ધ કરવાના ઉદ્દેશથી પોતાના ધંધા કરશે..... ગ્રામદાનનો આ હેતુ છે....' (પૃ. ૧૬૪) દાદાની દષ્ટિમાં સમાજવાદની અને સમરસતાની એક નવી જ દષ્ટિ છે. દાદા તો કહેતા : 'ઈશ્વરે આપણને જે શક્તિ આપી હોય તે લોકોના ભલા માટે વાપરવી.' (પૃ. ૧૯૦) તેઓ કહે છે : 'સિક્કાની નકલી સંપત્તિનો યુગ હવે આથમી રહ્યો છે. એનો મોહ છોડીશું નહિ તો આપણે દુ:ખી થવાના છીએ. આપણે સુખી થવું હોય ને દેશને સુખી બનાવવો હોય તો સિક્કાની આસુરી સંપત્તિના મોહમાંથી મુક્ત થઈ સાચી સંપત્તિ વધારવી પડશે એ માટે આપણે સક્રિય પુરુષાર્થ કરવો પડશે. રૂપિયા ઉપર જીવવાની ટેવો છોડવી પડશે. એ માટે જાતમહેનત કરવાની ટેવ પાડવી પડશે, જરૂરિયાતો ઘટાડવી પડશે, તથા ઉત્પન્ન કરીને ખાવાનો સંકલ્પ કરવો પડશે.' (પૃ. ૧૮૮)

સભ્યતા અને સંસ્કૃતિના પાયારૂપ સ્ત્રીનું સન્માન જાળવવા દાદાએ કાકાસાહેબ કાલેલકરને યાદ કરી સ્ત્રીઓના ચાર પ્રકારનો ઉલ્લેખ સ-રસ અને સંતર્પક રીતે કર્યો છે.

આ ગ્રંથના સંપાદક અને સેવાવ્રતધારી શ્રી મગનભાઈ જો. પટેલે પોતાને પ્રાપ્ત જ્ઞાન અને ભક્તિને ધ્યાનમાં રાખી મહારાજની સેવા કરી અને જે કંઈ એમને પ્રાપ્ત થયું તેનો લાભ વાચકો, ભાવકોને આ ગ્રંથ દ્વારા પ્રાપ્ત થયો છે. આ ગ્રંથ દરેકે વસાવવા જેવો છે, વાંચવા જેવો છે.